# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 15-05-2025 Day: Thursday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શિતલ વૈશ્નવ** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી: નક્લસવાદીઓ સામે સફળતા

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે નક્સલવાદીઓ સામે સુરક્ષા દળોની સફળતા દર્શાવે છે કે નક્સલવાદને જડમૂળથી ઉખેડી નાખવાનું અભિયાન યોગ્ય દિશામાં આગળ વધી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહની સોશિયલ મીડિયા પોસ્ટ શેર કરતા શ્રી મોદીએ કહ્યું કે સરકાર નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં શાંતિ સ્થાપિત કરવા અને ત્યાંના લોકોને વિકાસના મુખ્ય પ્રવાહમાં લાવવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

---------------------------------------------------------------------------------------

## યુપીમાં સેમિકન્ડકટર એકમ

**સરકારે ઉત્તર પ્રદેશમાં જેવર એરપોર્ટ નજીક સેમિકન્ડક્ટર એકમ સ્થાપિત કરવાની મંજૂરી આપી છે. ગઇકાલે નવી દિલ્હીમાં પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, એચસીએલ અને ફોક્સકોનનાં સંયુક્ત સાહસ સાથે ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ આ એકમની સ્થાપના કરવામાં આવશે.**

**તેમણે જણાવ્યું કે, આ પ્લાન્ટ દર મહિને 20 હજાર વેફર્સનાં ઉત્પાદન માટે તૈયાર કરવામાં આવશે. તેમણે ઉમેર્યું કે આ એકમમાં ત્રણ હજાર 700 કરોડ રૂપિયાનું રોકાણ કરવામાં આવશે..**

---------------------------------------------------------------------------------------

## સુરક્ષા પરિષદની પ્રતિબંધ સમિતિ

**એક ભારતીય ટેકનિકલ ટીમ ન્યૂયોર્કમાં છે અને આજે સંયુક્ત રાષ્ટ્રમાં યુએન સુરક્ષા પરિષદની 1267 પ્રતિબંધ સમિતિ અને અન્ય ભાગીદાર દેશોની દેખરેખ ટીમ સાથે વાતચીત કરી રહી છે. ભારત ૧૨૬૭ પ્રતિબંધ સમિતિ સમક્ષ પોતાનો કેસ રજૂ કરવાની તૈયારી કરી રહ્યું છે, જેનો ઉદ્દેશ્ય ધ રેઝિસ્ટન્સ ફ્રન્ટને સત્તાવાર રીતે આતંકવાદી સંગઠન તરીકે સૂચિબદ્ધ કરવાનો અને પાકિસ્તાન દ્વારા આ જૂથને આપવામાં આવતા સમર્થનને પ્રકાશિત કરવાનો છે. 22 એપ્રિલના રોજ પહેલગામ આતંકવાદી હુમલાના કારણે આ પગલુ લેવામાં આવ્યું છે, જેમાં 26 ભારતીય નાગરિકો માર્યા ગયા હતા. સૂત્રોએ જણાવ્યું હતું કે ભારતીય ટીમ સંયુક્ત રાષ્ટ્ર આતંકવાદ વિરોધી કાર્યાલય અને આતંકવાદ વિરોધી સમિતિના કાર્યકારી નિર્દેશાલયના અધિકારીઓને પણ મળશે.**

---------------------------------------------------------------------------

## ગુજરાત કર્મયોગી સ્વસ્થ્ય સુરક્ષા યોજના

હવે રાજ્યના તમામ અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને 10 લાખ રૂપિયા સુધીની કેશલેસ સારવાર મળશે. ગઇકાલે ગાંધીનગરમાં યોજાયેલી રાજ્ય મંત્રીમંડળની બેઠકમાં "ગુજરાત કર્મયોગી સ્વાસ્થ્ય સુરક્ષા યોજના"ને કેબિનેટની બહાલી આપવામાં આવી હતી. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે રાજ્યના અંદાજીત 6 લાખ 40 હજાર અધિકારી-કર્મચારી અને પેન્શનર્સને લાભ મળશે..

---------------------------------------------------------------------------

## નબળા વર્ગોને મફત કાનૂની સહાય

**રાજ્યના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવા માટેની આવક મર્યાદામાં એક લાખ રૂપિયાથી વધારીને ત્રણ લાખ રૂપિયા કરવામાં આવી છે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે આ નિર્ણયથી સમાજના બહોળા વર્ગને કાનૂની સેવા મફતમાં પ્રાપ્ત થશે અને જન સમુદાયને પોતાના હકોના રક્ષણ માટે કાનૂની ઉપચારો સરળતાથી પ્રાપ્ત થશે..**

---------------------------------------------------------------------------

## સીબીએસઇ-નિ:શુલ્ક કાઉન્સેલિંગ

કેન્દ્રીય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) એ ધોરણ 10 અને 12 ની બોર્ડ પરીક્ષાના પરિણામોને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓને સહાય કરવાના ઉદેશ્યથી નિશુલક મનોસામાજિક કાઉન્સેલિંગ સેવાઓનો બીજો તબક્કો શરૂ કર્યો છે. 13 મે થી શરૂ થયેલી આ હેલ્પલાઇન સેવા 28 મે સુધી ઉપલબ્ધ રહેશે.

નિ।:શુલ્ક કાઉન્સેલિંગ સેવા વિવિધ સહાયક વિકલ્પો પ્રદાન કરે છે. જેથી વિદ્યાર્થીઓ અને વાલીઓ આ સેવાનો ઉપયોગ કરી સાચું માર્ગદર્શન મેળવી શકે.

સેવાઓનો ઉપયોગ કરવા માટે, વિદ્યાર્થીઓ CBSE વેબસાઇટના "કાઉન્સેલિંગ" વિભાગની મુલાકાત લઈ શકે છે અથવા સત્તાવાર CBSE HQ YouTube ચેનલ જોઈ શકે છે..

---

## ન્યાયમૂર્તિ: શપથગ્રહણ

ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ દેશના 52મા મુખ્ય ન્યાયમુર્તિ તરીકે શપથ ગ્રહણ કર્યા. રાષ્ટ્રપતિ ભવન ખાતે ગઇકાલે સવારે યોજાયેલા વિશેષ સમારોહમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ શ્રી ગવઈને શપથ લેવડાવ્યા હતા. ન્યાયાધીશ ભૂષણ રામકૃષ્ણ ગવઈએ ગઈકાલે નિવૃત્ત થયેલા ન્યાયાધીશ સંજીવ ખન્નાનું સ્થાન લીધું છે. શપથગ્રહણ સમારોહમાં ઉપ-રાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રીઓ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશો ઉપસ્થિત રહ્યા હતા..

---

## ભુજમાં તિરંગા યાત્રા

ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેનાના પરાક્રમને બિરદાવવા રાજ્યભરમાં અનેક સ્થળોએ તિરંગા યાત્રાનું આયજન કરવામાં આવ્યું છે. જેના અનુસંધાને આજરોજ ભુજ ખાતે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતીય સેનાએ આપણા તિરંગાને જે ગૌરવ અપાવ્યું છે

એ ગૌરવને વધાવવા આજે સવારે 10 કલાકે જ્યુબિલી ગ્રાઉન્ડ પાસેથી શરૂ થઇ હમીરસર તળાવ, ગાંધીજીની પ્રતિમા સુધીની આ યાત્રામાં જોડાવવા સૌ નાગરિકોને કચ્છના સાંસદ વિનોદભાઇ ચાવડાએ અપીલ કરી છે. .

---------------------------------------------------------------------------------------

## હવામાન

કચ્છમાં છેલ્લા અઠવાડિયામાં કમોસમી વરસાદનો માહોલ જામ્યા બાદ હવે મહત્તમ તાપમાન ઉંચકાવવાનુ શરૂ થતાં ગરમી-ઉકળાટનું પ્રમાણ વધ્યું છે. રાજ્યમાં સુરેન્દ્રનગર અને રાજકોટ પછી અંજાર, ગાંધીધામ 50 ડિગ્રી ત્રીજા નંબરનું ગરમ મથક બન્યું હતું. જીલ્લા મથક ભુજમાં મહત્તમ પારો 38.3 ડિગ્રી તો અન્ય વિસ્તારોમાં મહત્તમ તાપમાન 35થી 37 ડિગ્રી વચ્ચે નોંધાયું હતું. તો હવામાન વિભાગના જણાવ્યાનુસાર કચ્છમાં સતત સાતમા વર્ષે સામાન્યથી વધુ વરસાદનું અનુમાન લગાવાઇ રહ્યું છે. .

---------------------------------------------------------------------------------------